રેગ્યુલર અભ્યાસક્રમો માટે મુલાકાતી અધ્યાપકોના મહેનતાણાના દર નિયત કરવા બાબત.

ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ

ઠરાવ ક્રમાંકઃ ED/MIS/e-file/3/2023/3766/GH

સચિવાલય, ગાંધીનગર

તા.ઈ-સાઈન મુજબ

**વંચાણે લીધા:**

1. કમિશનરશ્રી ટેકનિકલ શિક્ષણની કચેરીના પત્રાંક: DTE/PUR/e-file/107/2023 /2078/Section CHH, તા.01/07/2025

**આમુખ:**

સરકારી ઈજનેરી, પોલિટેકનિક અને ફાર્મસી શૈક્ષણિક સંસ્થાઓ ખાતે કાર્યરત રેગ્યુલર અભ્યાસક્રમો માટે અધ્યાપકોની ખાલી જગ્યાઓને કારણે વિદ્યાર્થીઓના શૈક્ષણિક હિતને ધ્યાને લઈ અધ્યાપકોની ખાલી જગ્યાઓ સામે મુલાકાતી અધ્યાપકોની સેવા લેવાની જરૂરિયાત ઊભી થયેલ છે. આથી વંચાણે લીધા ક્રમ 1 ની કમિશનરશ્રી, ટેકનિકલ શિક્ષણની દરખાસ્તના અનુસંધાને મુલાકાતી અધ્યાપકોના મહેનતાણાના દર નિયત કરવાની બાબત સરકારશ્રીની સક્રીય વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાને અંતે, સરકારી ઈજનેરી, પોલિટેકનિક અને ફાર્મસી શૈક્ષણિક સંસ્થાઓ ખાતે કાર્યરત રેગ્યુલર અભ્યાસક્રમોના વિદ્યાર્થીઓના અભ્યાસ પર અધ્યાપકોની ખાલી જગ્યાઓને કારણે વિપરિત અસર ન થાય અને વિદ્યાર્થીઓને ઉચ્ચ ગુણવત્તાવાળું શિક્ષણ મળી રહે તે હેતુથી મુલાકાતી અધ્યાપકોના મહેનતાણાના દર નીચે મુજબ નિયત કરવાનું ઠરાવવામાં આવે છે.

| ક્રમ | અભ્યાસ | સુચિત દરો |
|---|---|---|
| ૧ | ડિગ્રી (ઈજનેરી, ફાર્મસી) | રૂ. ૭૫૦ પ્રતિ તાસ |
| ૨ | ડિપ્લોમા (પોલીટેકનિક, ફાર્મસી) | રૂ. ૬૫૦ પ્રતિ તાસ |

**શરતો:**

1. મુલાકાતી અધ્યાપક સરકારશ્રીના પ્રવર્તમાન સહાયક પ્રાધ્યાપક/વ્યાખ્યાતાના ભરતી નિયમો મુજબની જરૂરી શૈક્ષણિક લાયકાત અને અનુભવ ધરવતા હોવા જોઈશે.
2. સંસ્થામાં એનરોલ થયેલ વિદ્યાર્થીઓની સંખ્યા અને યુનિવર્સિટી દ્વારા નક્કી કરેલ શૈક્ષણિક કાર્યભાર ધ્યાને લઈ રાજ્ય સરકારશ્રીના ઠરાવથી અધ્યાપકો માટે નિયત કરવામાં આવેલ શૈક્ષણિક કાર્યભાર નિયમિત/સંસ્થા ખાતેના અધ્યાપકોમાં વહેંચણી બાદ જ વધારાના શૈક્ષણિક કાર્ય (વ્યાખ્યાન/ પ્રાયોગિક કાર્ય) માટે મૂલાકાતી અધ્યાપકની સેવા લેઈ શકાશે.
3. મૂલાકાતી અધ્યાપકોની સેવા લેવા માટે દૈનિક વર્તમાનપત્રમાં જાહેરાત આપી અરજી મંગાવવાની રહેશે.
4. મૂલાકાતી અધ્યાપકોની પસંદગી માટે સંસ્થા કક્ષાએ પસંદગી સમિતિ બનાવી રૂબરૂ મુલાકાતનું આયોજન કરવાનું રહેશે.
5. માત્ર શૈક્ષણિક કાર્ય પુરતી જ અને ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીના એકેડેમિક કેલેન્ડર મુજબના (સેમેસ્ટર શરૂ તારીખથી અંત તારીખ સુધીના) મર્યાદિત સમયગાળા માટે સંસ્થા ખાતે મુલાકાતી અધ્યાપકોની સેવા લઈ શકાશે.
6. સરકારશ્રી દ્વારા પ્રતિ કલાક માટે નક્કી કરવામાં આવેલ દરો મુજબ માસિક રૂ.૪૫૦૦૦/-ની મર્યાદામાં ચુકવણી કરવાની રહેશે.
7. મુલાકાતી અધ્યાપકોને માત્ર શૈક્ષણિક કાર્ય (વ્યાખ્યાન/પ્રાયોગિક કાર્ય) માટે જ રાજ્ય સરકારશ્રી દ્વારા પ્રતિ કલાક માટે નક્કી કરવામાં આવેલ દરો મુજબ જ ચુકવણુ કરવાનું રહેશે.
8. મુલાકાતી અધ્યાપકોને નિયમિત અધ્યાપકોને મળતા અન્ય કોઈ ભથ્થાઓ, પેન્શન, ગ્રેજ્યુઈટી, અને રજાના લાભ મળવાપાત્ર રહેશે નહી. તેમજ તે માટે કોઈપણ પ્રકારનો હક્ક દાવો કરી શકશે નહિ.
9. મુલાકાતી અધ્યાપકોને સંસ્થા ખાતે મંજુર જગ્યાઓ પૈકી ખાલી જગ્યાની સામે તેમજ જરૂર પ્રમાણે જ બોલાવવામાં આવશે.

આ ઠરાવ સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૧૫/૦૪/૨૦૨૬ ની નોંધથી અને સરકારશ્રીની તા.૨૨/૦૪/૨૦૨૬ની મળેલ અનુમતિથી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

e-sign/-

Signature Not Verified
Signed by : Jaydevsinh K Vaghela
Deputy Secretary
Education Department
Date : 2026.05.29 11:35:31 IST


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

(જયદેવસિંહ વાઘેલા)

નાયબ સચિવ

શિક્ષણ વિભાગ

પ્રતિ,

૧) માન. મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, માન. મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

૨) માન. નાણા મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

૩) માન. શિક્ષણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

૪) અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૫) કમિશનરશ્રી, ટેકનિકલ શિક્ષણની કચેરી, કર્મયોગી ભવન, ગાંધીનગર.

૬) આચાર્યશ્રી, તમામ સરકારી ઈજનેરી કોલેજ (કમિશનરશ્રી, ટે.શિ. ની કચેરી મારફત)

૭) આચાર્યશ્રી, તમામ સરકારી પોલિટેકનિક કોલેજ (કમિશનરશ્રી, ટે.શિ. ની કચેરી મારફત)

૮) આચાર્યશ્રી, તમામ સરકારી ફાર્મસી (ડીગ્રી/ડીપ્લોમા) કોલેજ (કમિશનરશ્રી, ટે.શિ. ની કચેરી મારફત)

૯) સંબંધિત જિલ્લા તિજોરી અધિકારીશ્રી (કમિશનરશ્રી, ટે.શિ. ની કચેરી મારફત).

૧૦) એકાઉન્ટન્ટ જનરલશ્રી, એ. જી. કચેરી, રાજકોટ /અમદાવાદ.

૧૧) કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ (વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવા સારૂ)

૧૧) સિલેક્ટ ફાઈલ-૨૦૨૬

Signature Not Verified
Signed by : Jaydevsinh K Vaghela
Deputy Secretary
Education Department
Date : 2026.05.29 11:35:31 IST



Open the document in Adobe Acrobat DC to verify the E-sign